# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

પ્રીતનાં વચનો નિભાવું ક્યાં સુધી?
પ્રેમનાં બંધન સ્વિકારૂ ક્યાં સુધી?

વાદનાં કારણ ન મળતાં શું કહું?
યાદનાં ભારણ નકારૂ ક્યાં સુધી?

પ્રેમમાં જીવન મજાનું તો હતું,
દર્દમાં દિલને રડાવું ક્યાં સુધી?

જાણ છે એને કે' ના રહું એકલો,
તો જુદાઈને જતાવું ક્યાં સુધી?

એક પથ્થરની છબી ઓગાળવા,
આંખને રોઈ જલાવું ક્યાં સુધી?

જિંદગી તારાં વગર શું કામની?
જીવવા શબને ચલાવું ક્યાં સુધી?

તેજસ વસાણી

## પાથેય

- રમેશ ઠક્કર

# પ્રેમ અમારો પરમેશ્વર...

પ્રેમ એટલે બંધન.પ્રેમ એટલે સ્વીકાર. પ્રેમ એટલે પ્રતીક્ષા.આ બધી શરતો માણસ નિભાવે શું કામ?? શું ખરેખર સાચો સ્નેહ આપના કોઈ હોય છે ખરું ? જો એ ફક્ત ત આદર્શ જ હોય તો આટલા બધા લોકો એને પામવા માટેની તાલાવેલી શું કામ રાખતા હશે ? કેવી હોય છે સ્નેહ માટેની માણસની તરસ..? જોઈએ ચિનુ મોદીના શબ્દોમાં..

"અપેક્ષારહિત સંબંધ બાંધનારા મને મળ્યા નથી અને એટલે હું ગઝલ લખ્યા જ કરીશ..અપેક્ષારહિત સ્નેહ પામનારાઓને,કદાચ ગઝલ ના લખવી પડે..અથવા અપેક્ષારહિત સ્નેહ આપનાર હોય જ નહીં,એમ માનનારને પણ ગઝલ ન લખવી પડે.હું આ બેમાંથી એકેય શ્રેણીમાં નથી,એટલે મારે ગઝલ લખવી જ રહી.."

ઘણીવાર એક પ્રશ્ન થાય છે કે જગત શું ફકત વ્યવહારિક બાબતોથી જ ચાલે છે? જીવનમાં ભૌતિક બાબતો જ નિર્ણાયક પરિબળ ગણાય? લાગણી સ્નેહ કે સદભાવ કેવળ આદર્શો જ છે? "કિતાબો મેં છપતેં હૈ ચાહત કે કિસ્સે ..હકિકત કી દુનિયા મેં ચાહત નહીં હૈ.."એવું ઘણાને લાગતું હોય છે... પ્રેમ એ એમને માટે એક પરિકલ્પના બની રહે છે

માનીએ કે ના માનીએ આપણી ઘણી બધી બાબતો કોઈકની શુભેચ્છાઓ થકી જ પાર પડતી હોય છે..

"હોત શું આ જિંદગી ને હોત શું આ મોત પણ?
પ્રેમના રંગો થકી રંગાયું ના હોત વિશ્વ આ ?"

આ માત્ર કવિકથન નથી આર્ષદર્શન પણ છે..નિસ્વાર્થ સ્નેહ એ મોંઘેરી વાત છે..એવું કહેવાય છે કે જયાં દવા કામ ના કરે ત્યાં ઘણીવાર દુવા અસરકારક બની જાય છે...

ડાહ્યા માણસો અચૂક કહે છે કે કોઈના સ્નેહનો અનાદર કદાપી ના કરવો કેમકે એ સીધો જ માણસના હૃદયમાંથી પ્રગટ થાય છે.માનવ મનના શુભ અશુભ ભાવો થકી જ જગત પ્રતિબિંબિત થતું રહે છે.આ હકિકતને સમજવા પરસ્પર હૃદયનો તાલ મેળવવો પડે..ભીતર તાગવું પડે...સાચા હૃદયની શુભેચ્છા કે અંતર ના આશીર્વાદ હંમેશાં ફળે છે..'કોઈકની આંતરડી ઠારવી' જેવો શબ્દપ્રયોગ આપણી ભાષાની દેન છે..જે દ્વારા માણસને માલમિલકતની નહી પણ મનોભાવોથી માપવાની વાત કરવામાં આવી છે..આપણે જયારે નિસ્વાર્થ ભાવે કશુંક વ્યકત કરીએ છીએ ત્યારે દુનિયામાં પણ એનો પડઘો પડે જ છે..પ્રેમનું રસાયણ અમોઘ છે..કેવળ ભોતિકતાના ભ્રમમાં રાચતો માણસ સ્નેહની સરવાણીનું સિંચન કરે તો પણ,સુખની લીલીછમ વનરાજી છવાઈ જતી હોય છે....

# બિનવારસી મનોદિવ્યાંગ બહેનો માટેની બાયડ સ્થિત સંસ્થા એટલે પ્રેમ અને સંવેદનાનો મહાસાગર

કોઈ મને પૂછે કે તમે ગુજરાતની કઈ સંસ્થામાં સૌથી વધુ પ્રેમ-સંવેદના જોયાં? તો હું કાચી સેકન્ડમાં જવાબ આપું બિનવારસી મંદબુદ્ધિની (દિવ્યાંગ) બહેનો માટેનું આશ્રય સ્થાન એવી "જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ, બાયડ" નામની સંસ્થા.

આ સંસ્થા મનોદિવ્યાંગ બહેનોને સાચવે છે. ચોથી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બાયડમાં ભાડાના મકાનમાં "બિનવારસી મંદબુદ્ધિની બહેનો માટેનું આશ્રયસ્થાન" શરૂ થયું. અશોકભાઈ જૈનની સાથે વિજયભાઈ પટેલ, વિનુભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, મુકેશભાઈ લુહાર, જબ્બરસિંહ રાજપુરોહિત, સચિન મહારાજ, દર્શન પંચાલ, વગેરે પણ જોડાયા. આ સંસ્થાને દાતાઓની સૌથી મોટી હૂંફ મળે છે. તેમાં બિપીનભાઈ પટેલનું નામ સૌપ્રથમ યાદ કરવું પડે. સંસ્થાનું જે વિશાળ અને ભવ્ય અદ્યતન મકાન થયું છે તેના બાંધકામના દાતા તેઓ છે. તેમનો સહયોગ સંસ્થા માટે સૌથી મહત્ત્વનો પૂરવાર થયો છે.

કેવા કેવા અનુભવો થાય? જાણશો તો રડી પડશોઃ

(૧) દાહોદના એક પરિવારની દીકરી મનોદિવ્યાંગ. ત્રણ વર્ષથી તેને ખેતરમાં ઘર હતું ત્યાં સાંકળથી બાંધી હતી. અશોકભાઈ અને તેમની ટીમ તેને લેવા ગઈ ત્યારે સાંકળ તોડવાનું કટર પણ લઈ ગઈ હતી. એ યુવતિના પિતા રેલવેમાંથી નિવૃત થયેલા, ભાઈ આર્મીમાં હતો તો પણ આ યુવતિ માટે તેમના હૃદયમાં કોઈ સંવેદના નહોતી. વિચાર તો કરોઃ આપણે કેવો નિષ્ઠુર- કઠોર સમાજ રચીને બેસી ગયા છીએ ?



પહેલું કિરણ
રમેશ તન્ના

એ યુવતિ સંસ્થામાં આવી ત્યારે તેની સરખી રીતે કાળજી લેવાઈ.

(૨) ધનસુરા રેલવે ફાટક પાસેથી એક સ્ત્રી મળી આવી. તેના હાથમાં પારાવાર કીડા હતા. સંસ્થાના સંચાલકો- લેખકોએ તેની છ







મહિના સેવા કરી. પ્રમુખ- ટ્રસ્ટીઓએ જાતે કીડા કાઢેલા.

હવે તો સંસ્થાનું અદ્યતન મકાન થયું છે. અંબાજી માતાનું ભવ્ય મંદિર છે. મનોદિવ્યાંગ બહેનો રહી શકે તેવા જુદા જુદા વિશાળ ખંડો છે. પલંગ-ગાદલાંની સુવિધા છે. બાથરૂમ-સંડાસ છે.

દરરોજ બે સમય નાસ્તો તથા જમવાનું અપાય છે. અત્યારે આશરે ૨૦૦ બહેનો છે તો ૨૧ ભાઈઓ પણ છે ૨૬ વ્યક્તિનો નિષ્ઠાવાન, ટ્રેઈન કરેલો અને ખાસ તો પ્રેમાળ સ્ટાફ છે.

કેટલીક મનોદિવ્યાંગ બહેનો પથારીમાં જ બાથરૂમ કરે, સંડાસ કરે, એ બધુ સ્ટાફે સ્વચ્છ કરવાનું. ઘણી બહેનો જમી ના શકે તો તેમને જમાડવાની. ખાસ તો માનસિક રીતે અસ્થિર હોય એટલે ક્યારેક જોખમ પણ થાય. અતિ ઉન્માદી (હેવી હાયપર) બહેનો ખૂબ ધમાલ કરે. મારામારી પણ કરે. આવી સ્થિતિમાં પણ સંસ્થાના સંચાલકો- સેવકો ઉત્તમ રીતે કામ કરે છે.

બહેનોને નિયમિત દવા આપવામાં આવે છે. નિયમિત રીતે અહીં મનોચિકિત્સક આવે છે. સ્થાનિક ડૉ. મિનેષ ગાંધી, બાયડના સીએચસીના જતીનભાઈ દવે, વાત્રક હોસ્પિટલના ડૉકટરો તથા હિંમતનગરના ડૉ. ભાવિન શાહ (હેત હોસ્પિટલ) સહિત ઘણા ડૉકટરો અહીં ખડે પગે અને ભરેલા હૃદયે સહયોગ આપે છે.

અશોકભાઈ જૈનની નિષ્ઠા, સમર્પણ, ત્યાગ જોવા જેવાં છે. ખરેખર નવાઈ લાગે તેવી પ્રતિબદ્ધતા સાથે તેઓ અનેક પડકારોનો સામનો કરીને કામ કરી રહ્યા છે.

અહીં આખા ભારતમાંથી આવેલી બહેનો છે. (૫૦ ટકા જેટલી ગુજરાતની હશે.) ૧૫થી ૮૫ વર્ષની બહેનો છે. અત્યાર સુધી કુલ ૫૫૦ બહેનોને રેસ્ક્યુ કરીને લાવવામાં આવી હતી, તેમાંથી આશરે ૨૫૦ બહેનોનું પુનઃવસન થયું છે. બહેનોને પ્રેમ-હૂંફ મળે એટલે તેઓ પોતાનું નામ-સરનામું કહે. સંસ્થા સંપર્ક કરે. પરિવારજનો લેવા આવે.

સંસ્થામાં ઘણી સુવિધા અને સગવડ છે. મનોદિવ્યાંગ બહેનોને ટીવી જોવાની સુવિધા છે તો જમવામાં સહેજે કસર નહીં. બધુ ઉત્તમ જ વાપરવાનું અને જમવાનું પણ શ્રેષ્ઠ જ હોય. અશોકભાઈ કહે છે કે આ સંસ્થાને ત્રણ બળ ચલાવે છે. એક તો ભગવાન. બીજો સમાજ અને ત્રીજો સમર્પિત સ્ટાફ.

સંસ્થામાં જગતબહેન શર્મા ફરજનિષ્ઠ છે. તેઓ નેપાળથી નોકરી માટે અમદાવાદ આવેલાં. તેમના પર પાશવી અત્યાચાર થયો હતો. એ પછી તેમને ખૂબ ડ્રગ્સ અપાયેલું. શરીરનો એક ભાગ બાકી નહોતો રાખ્યો કે જ્યાં તેમને ઈન્જેકશન ના આપ્યું હોય. વાયા સિવિલ હોસ્પિટલ (અમદાવાદ) એ બહેન સંસ્થામાં આવ્યાં. તેમની સારવાર થઈ. પ્રેમ-હૂંફ મળ્યાં. હવે તે એકદમ નોરમલ થયાં છે અને સંસ્થાનાં મહત્ત્વનાં સેવક બન્યાં છે. બધાંને દવા તેઓ જ આપે છે.

અહીં પલકબહેન ચૌધરી પણ સેવા આપી રહ્યાં છે.

આ સંસ્થાની મુલાકાત તમને કોઈ તીર્થધામની યાત્રા જેવી લાગે.

સરનામુઃ જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ,
પ્રાંત ઓફિસની પાસે, બાયડ-કપડવંજ રોડ,
બાયડ, જિલ્લોઃ અરવલ્લી ૩૮૩૩૨૫ સંપર્ક નંબરોઃ
૯૪૨૬૦૩૬૪૪૯, ૬૩૫૧૯૨૧૩૪૯,૯૪૨૮૪૮૩૨૮૭
**jayambetrust3333@gmail.com**
**www.jayambetrustbayad.org**

# 'સામેની તરફનું ઘાસ હંમેશાં વધુ લીલું લાગે છે...'

અંગ્રેજીમાં એક કહેવત છે જેનું ગુજરાતી આ પ્રમાણે થાય છે કે, 'સામેની તરફનું ઘાસ હંમેશાં વધુ લીલું લાગે છે...' જે સ્ત્રીઓએ આખી જિંદગી કામ કર્યું છે, જેમની પાસે પોતાની મૂડી છે એમને સતત ઘરે રહેલી અને સુખ ભોગવતી સ્ત્રીઓની ઈર્ષા આવે છે તો જે ઘરે રહી છે એ સ્ત્રીઓને વ્યવસાયિક સ્ત્રીઓની સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા પ્રત્યે અહોભાવ થાય છે... ખરું પૂછો તો બંનેને પોતાની આગવી કિંમત છે અને બંનેએ પોતાની રીતે જીવવા માટે એ કિંમત ચૂકવી જ છે!

આજકાલ સ્ત્રીઓ વિષે, સ્ત્રીઓ માટે ઘણું-બધું લખાઈ રહ્યું છે અને સ્ત્રીઓએ પોતાનામાં રહેલી અસીમ અને અમાપ પ્રતિભા શક્તિના જગતને દર્શન કરાવ્યા છે. સ્ત્રી પહેલેથી જ પોતાના હક માટે લડતી આવી છે અને અગાઉના વર્ષોમાં સ્ત્રીઓએ આપેલા બલિદાનના મીઠાં ફળ આજકાલની સ્ત્રીઓ માણી રહી છે. આવનારા વર્ષોમાં ગૃહિણી કે 'house wife' જેવું સ્ત્રીનું સ્વરુપ જોવા જ ન મળે તો નવાઈ ન પામતા! તેવું મારું માનવું છે. દરેક સ્ત્રી ઑફિસના કામ, ઘર-પરિવારની જવાબદારી અને પોતાની જાતને પણ સુંદર અને આકર્ષક રાખવાની દ્વઙ્ગૈ-'દ્બૌહજ્ઞ પ્રવૃત્તિ સુપેરે નિભાવી જાણે છે. આપણે આપણી આસપાસ એવા સક્ષમ અને સ્માર્ટ પુરુષો જોયા જ છે કે જેમને ઘર પરિવારને સંભાળીને રાખનારી કોઈ સારી life partner ન મળી હોય તો તેની કારકિર્દી રોળાઈ જાય છે. આપણે સ્ત્રી-પુરુષ સમોવડી છે કે નહિ તે ચર્ચામાં નથી પડવું પણ આજે વાત કરવી છે એક સ્ત્રીનું અન્ય સ્ત્રી સાથેનું વર્તન.

સ્ત્રીની સૌથી મોટી નબળાઈ ઘણીવાર એનાથી સાવ અંગત સંબંધમાં સંકળાયેલી સ્ત્રી સાથેના તેના સંબંધો જ હોય છે. જન્મથી લઈને મૃત્યુ સુધીમાં એક સ્ત્રી મુખ્યત્વે ચાર પ્રકારે અન્ય સ્ત્રી સાથે સંકળાયેલી હોય છે અને એ માતા, ત્યારબાદ સાસુમા, પુત્રી અને અંતમાં પુત્રવધૂ. આ તમામ સાથેના તેના સંબંધોમાં ઉતાર-ચડાવ આવતા રહે છે પરંતુ આ સંબંધો એના જીવનના સૌથી વધુ અગત્યના સંબંધો હોય છે. માટે ખરેખર જો આ ચારેય તબક્કે તે આ તમામ સાથે સુમધુર અને તંદુરસ્ત સંબંધ જાળવી રાખે તો તેનું જીવન ખુશીઓથી છલકાઈ જતુ હોય છે. એક બાપ માટે પુત્રીનું આગમન અને એક પતિ માટે પત્નીનું આગમન અને શ્વસુર માટે પુત્રવધૂનું આગમન એ કંઈક આ પ્રકારનું હોય છે.

"એના ઘરમાં તે પ્રવેશ કરે છે પ્રકાશ બની રહેવા,
બહાર બધે અંધકાર હોય ત્યારે અંદર ઉજાસ બની રહેવા;
એના જીવન ઉપર આધિપત્ય ભોગવતી રક્ષક દેવદૂત સમી,
એની ખુશીઓના ગુણાકાર અને ફિકરોનો ભાગાકાર કરનારી.'

દીકરી નાની હોય ત્યારે એની મમ્મી સાથે દરેક બાબતમાં મતભેદ અને કલેશ કરતી હોય છે. તેને મમ્મી જ તેની સૌથી મોટી સમીક્ષક અને આલોચક હોય તેવું તે અનુભવતી હોય છે પણ એ જ દીકરી જયારે મોટી થાય છે ત્યારે તેને માતાની કહેલી દરેક વાત બરાબર સમજાવા લાગે છે. તે માતાની દીકરી મટી, એક સૌથી વધુ અંગત મિત્ર સમાન બની રહે છે. જીવનના દ્વિતીય પડાવમાં તેને એ જ પ્રકારે સાસુમા સાથે એક નવો સંબંધ કેળવવાનો હોય છે. દીકરો માની ગમે તેટલો નજીક હોય છતાંય પુત્રવધુના આગમન પછી થોડું અંતર બંનેની વચ્ચે આવી જ જતું હોય છે. આવા સમયે પુત્રવધૂ અને સાસુમા બંને પોતપોતાની રીતે best પ્રયત્નો કરી એકબીજાને સમજવાની કોશિષ કરે તો જે રીતે માતા સાથે મૈત્રીસંબંધ બંધાઈ જાય છે તે જ પ્રમાણે સાસુમા સાથેનો પણ સુંદર રચાઈ જાય છે. ખાસ કરીને નોકરી કરતી પુત્રવધૂ સાસુમાને તેમના ગૃહિણી હોવા પર ગર્વ મહેસૂસ કરાવે ત્યારે આ સંબંધ કયારેક ન તૂટી શકે એવા અતૂટ તાંતણે મજબૂત રીતે ગુંથાઈ જાય છે. પુત્રવધૂ ગૃહિણી એવા સાસુમાને પ્રેમપૂર્વક તેમનું મહત્ત્વ સમજાવતા કહે છે 'સાચી ગૃહિણી જયાં જાય છે ત્યાં સદાય તેની આસપાસ ગૃહ રચાઈ જાય છે. એના મસ્તક ખુલ્લું આકાશ જ ભલે હોય, પણ જયાં કયાંક એ હશે ત્યાં ઘર હોવાનું જ.'



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

જીવનમાં ત્રીજી અગત્યની અને મહત્ત્વની સ્ત્રી એટલે સ્ત્રીને માતા બનાવીને ઘરમાં પા-પા પગલી માંડતી પુત્રી. બાળપણમાં પોતે જયારે નાની ઢીંગલી હોય ત્યારે મમ્મી કરતાં પપ્પાની વધુ લાડકી હોય છે. પણ એ જ ઢીંગલી મા બને ત્યારે પોતાની પુત્રીનો પિતા તરફનો થોડો વધુ લગાવ કે પ્રેમ જીરવી શકતી નથી. અલબત્ત, માતા બનવું કોઈ પણ સ્ત્રીના જીવનનો સર્વશ્રેષ્ઠ તબક્કો હોય છે. કોઈએ ખરું જ કહ્યું છે કે, 'જીવનમાં બીજી કેટલીયે સુંદર સુંદર વસ્તુઓ થોકબંધ મળે છે; આટલાં બધાં ગુલાબો, તારાઓ, સૂર્યાસ્તો, મેઘધનુષો; પણ દુનિયા આખીમાં માતા તો એક જ હોય છે.' અને ત્યારબાદ આવે છે પુત્રવધુ સાથેના અનુસંધાનનો પડાવ; 'બા' બનવાનો રોમાચ. જીવનના આ તબક્કે ? પાસે અનુભવનું વિશાળ ભાથું હોય છે અને જીવનના સારા - નરસા અનુભવોને જીરવવાનું

વિશાળ હૃદય પણ. પારસભાઈ હેમાણીએ આ પડાવને સુંદર રીતે આલેખ્યો છે

'બા'
વહેલી સવારના ચાલવા જવાનું,
આવી છોકરાઓને સ્કૂલે જવા ઉઠાડવા...
દફતર તૈયાર કરાવવા
છોકરાઓ જાય પાછી
છાપા વાંચવાનું અને રૂટીન વર્ક...
બપોરના ભાગે સિલાઈ કરતા કરતા
જિંદગી સીવતા...
તેમનો દિવસ આગળ વધતો,
સાંજ તો જાણે ખીલખીલાટ લાગતી
બારી બહાર જોતા જાય, ગીતો ગણગણતા જાય
સાથે રસોઈ પણ બનતી જાય.
આ બધા જ દશ્યો....
એમના
ગયા પછી સૂર્યાસ્ત જેવા લાગે છે.

- 'આપણી વાત' - પારસ એસ. હેમાણી

- nehalgadhavi101@gmail.com

# ઘરેલું હિંસાનાં કેસમાં પત્નિને આરોપી ના બનાવી શકાય

## પતિ પત્નિ સામે ઘરેલું હિંસાનો કેસ ના કરી શકે, માત્ર આઈ.પી.સી.ની કલમ મુજબ ફરીયાદ જ કરી શકે છે

ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ માત્ર મહિલાઓને ઘરેલું હિંસાથી રક્ષણ આપવા બનાવેલ કાયદો છે. જેનો લાભ પુરૂષો લઈ શકે નહિ.

ઘરેલું હિંસા અધિનિયમની કલમ-૧૮, ૨૦, ૨૧ મુજબ પતિએ પત્નિ સામે ફરીયાદ દાખલ કરી જણાવ્યું કે, તેની પત્નિ દબંગ સ્વભાવની છે અને પર વ્યક્તિઓ સાથે એકસ્ટ્રા મેરીટીકલ અફેર્સ છે. ફરીયાદમાં પત્નિનાં બે પ્રેમીઓનાં નામો પણ પતિએ લખાવેલા, પતિએ ઘરેલું હિંસા અધિનિયમ, ૨૦૦૫ ની કલમ-૨૨ મુજબ પત્નિ પાસેથતી આવા કૃત્યનાં વળતર બદલ ૩૫ લાખની પણ માંગણી ફરિયાદમાં કરવામાં આવેલી. પત્નિએ પણ પતિ વિરૂધ્ધ ફરીયાદ કરી આક્ષેપ કરેલ કે, તેણીને પતિ તથા પરિવાર દ્વારા મૈખિક, શારિરીક અને ભાવનાત્મક રીતે શોષણ કરવામાં આવ્યું છે અને પત્નિએ પણ પતિ સામે ૨ કરોડના વળતરની માંગણી કરી હતી.

ઉપરોકત કેસમાં દિલ્હી કોર્ટે પતિની ફરીયાદમાં પત્નિને સમન્સ કાઢતા પત્નિ દ્વારા ફરીયાદને હાઈકોર્ટમાં પડકારવામાં આવતા હાઈકોર્ટે જણાવ્યું કે, ઘરેલું હિંસાનો કાયદા હેઠળ મહિલાને આરોપ ના બનાવી શકાય, તેમજ કોર્ટે સદરહું કેસ ઉપર સ્ટે કરેલ.

મહિલાઓ માટે ૨૦૦૫માં સરકારે ઘરેલું હિંસા રોકવા માટે આ કાયદો ઘડવામાં આવ્યો, જેને ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ અથવા પ્રોટેકશન ઓફ વિમેન્સ ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ તરીકે ઓળખવામાં આવેલ. આ કાયદા મુજબ ઘરેલું હિંસાનો અર્થ માત્ર પતિ દ્વારા પત્નિને માર મારવો, અપમાનિત કરવી એવો નથી, પરંતુ પતિ અથવા તેના પરિવાર દ્વારા સ્ત્રીને શારિરીક, માનસિક, જાતીય અથવા આર્થિક સ્વરૂપે ત્રાસ આપી ઉત્પીડન કરવું એ ઘરેલું હિંસા છે.

ઉત્પીડન કરવાની વ્યાખ્યામાં પતિ, સાસું, સસરા, કાકા, ભાઈ, કાકી, પતિ કે પુત્ર પણ હોઈ શકે છે. આ કાયદા મુજબ માતા, બહેન, પુત્રી, પત્નિ કે લિવિંગ પાર્ટનર વગેરેમાંથી કોઈપણ નો ઘરેલું હિંસાનો ભોગ બને તો મેજીસ્ટ્રેટ પાસે જઈ આ કાયદાની કલમ-૨(એ)માં માત્ર મહિલાને જ પીડીત માનવામાં આવે છે. આ કાયદાની કલમ તથા વ્યાખ્યા જોતા મહિલાને આરોપી ના બનાવી શકાય.

૨૦૦૫ ના ઘરેલું હિંસાના કાયદા મુજબ, રાજયનાં કરેલ જીલ્લામાં સેફ હાઉસ સ્થાપવાની અને સુરક્ષા અધિકારીઓની નિમણૂક કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાયદા મુજબ પરિવારનાં સભ્યો પીડિતાને કોઈપણ સંજોગોમાં ઘરની બહાર ના કાઢી શકે. આ કાયદા મુજબ બાળક પણ તેના પિતા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી શકે છે. બાળકને એમ લાગે કે, પિતા તેના માતાને માર મારે છે અથવા ત્રાસ આપી રહ્યા છે, તે બાળકનાં નિવેદનનાં આધારે પણ પોલીસ ફરીયાદ નોંધી શકે છે.

જો પત્નિ પુરૂષો સાથે ઘરેલું હિંસા કરે તો પતિ પાસે બે જ વિકલ્પ છે, (૧) છૂટા છેડા માટે કોર્ટમાં કેસ દાખલ કરી શકે, (૨) જો પત્નિ અન્ય ત્રાહિત વ્યક્તિ સાથે મળીને પતિ ઉપર હુમલો કરે, ઈજા પહોંચાડે, માનસિક ત્રાસ આપે અથવા જાણી જોઈને સમાજમાં પતિની પ્રતિષ્ઠાને નુકશાન થાય તેવું કૃત્ય કરે તો પતિ પત્નિ વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની અલગ અલગ કલમ મુજબ કેસ દાખલ કરી શકે છે, પરંતુ ઘરેલું હિંસાના કાયદા, ૨૦૦૫ની કલમો મુજબ આવા કેસ પત્નિ વિરૂધ્ધ નોંધી શકાય નહિ.



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

પત્નિ જાનથી મારી નાખવાની ધમકી પતિને આપે તો ઈ.પી.કો. કલમ-૫૨૩ મારપીટની સ્થિતિમાં ઈ.પી.કો. કલમ-૩૨૩ ગાળાગાળી કરે તો કલમ-૨૯૪ મુજબ પતિ પત્નિ વિરૂધ્ધ કેસ દાખલ કરે તે જ એક માત્ર ઉપાય છે. ઈ.પી.કો. કલમ-૪૯૪માં માત્ર પુરૂષોને જ ગુનેગાર માને છે, જયારે આરોપી મહિલા અથવા પુરૂષ બંન્ને હોઈ શકે છે. ઘરેલું હિંસા તથા દહેજ વિરોધી કાયદાને પુરૂષ વિરોધી ગણવામાં આવ્યા છે., તેનો ભરપૂર ઉપયોગ મહિલાઓ સામે ઢાલની જગ્યાએ શસ્ત્ર તરીકે કરતી આવી છે,

પરંતુ આ કાયદો ઘડવામાં આવ્યો તેમ છતાં ૨૦૨૧-૨૨ માં મહિલાઓ ઉપર રેપ અને રેપનાં પ્રયાસ ના ૧૬૮૧ તથા ૧૭૧૧ ગુના નોંધાયેલ, મહિલાઓનું અપમાન છેડતીનાં ૧૮૩૯ તથા ૨૫૨૭ કેસો, દહેજનાં ૩૪૧ તથા ૩૫૭ કેસો, ઘરેલું હિંસાનાં ૬૮૮૩ તથા ૬૯૮૨, સ્ત્રીને સન્માન સાથે જીવવાનાં અધિકારનાં ૧૧૦૮૮ તથા ૯૭૩૬ કેસો નોંધાયા છે, જેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

ઘરેલું હિંસાનો કાયદો ફોજદારી ગુનો નથી, પરંતુ સિવિલ ગુનો છે. આવી સ્થિતિમાં આ કાયદાની કલમ-૩૧ મુજબ કોર્ટ દોષિતોને માત્ર એક વર્ષની જેલ અને દંડની સજા કરી શકે છે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
**www.trivediassociates.in**